Gujarati Midday Pg 12, 31st March 2022

# ટેરાએ વધુ બીટકોઇનની ખરીદી કરી: આઇસી૧૫ ઇન્ડેક્સ ૨૯૧ પોઇન્ટ ઘટ્યો

લ્યુના કૉઈનની રચયિતા કંપની ટેરાએ બીટકૉઈનને અનામત તરીકે રાખીને સ્ટેબલકૉઈન બહાર પાડવાની દૃષ્ટિએ વધુ બીટકૉઈનની ખરીદી કરી છે. નવા સમાચાર મુજબ તેણે બુધવારે ૧૪૦ મિલ્યન ડૉલર મૂલ્યના બીટકૉઈન ખરીદ્યા હતા. દરમ્યાન સતત એક સપ્તાહ સુધી વધારો થયા બાદ ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં પ્રૉફિટ બુકિંગને લીધે બુધવારે સાધારણ ઘટાડો નોંધાયો હતો. બીટકૉઈન ૧.૩૫ ટકા ઘટીને ૪૭૧૫૦ની આસપાસ ચાલી રહ્યો હતો અને ઈથેરિયમ બે ટકાના ઘટાડા સાથે ૩૩૮૮ ડૉલર ટ્રેડ થઈ રહ્યો હતો.

દરમ્યાન વિયેટનામ ક્રિપ્ટોકરન્સીને અનુકૂળ આવે એવી નીતિઓ ઘડવામાં વ્યસ્ત છે. દેશના નાયબ વડા પ્રધાન લી મીન ખઈએ નાણાં ખાતું, ન્યાય ખાતું અને માહિતી-પ્રસારણ ખાતાના પ્રધાનોને ક્રિપ્ટોકરન્સી સંબંધે સંશોધન કરીને તેના સંચાલન માટેનું કાનૂની માળખું તૈયાર કરવાની સૂચના આપી છે. તેઓ કેન્દ્રીય બૅન્ક સાથે મળીને અહેવાલ તૈયાર કરશે.

અગાઉ ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે બપોરે ૪ વાગ્યે ૨૯૧ પૉઈન્ટ (૦.૪૧ ટકા)ના ઘટાડા સાથે ૬૯૪૫૨ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૯૭૪૪ ખૂલ્યા બાદ ઉપરમાં ૭૦૬૭૭ અને નીચામાં ૬૮૭૯૩ ગયો હતો.